નવી સેવા વર્ષ–૨૦૧૫–૧૬
સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદની કચેરીના નિયંત્રણ હેઠળની નાગરિક સંરક્ષણ કચેરી, ભૂજ, જામનગર, સુરત અને વડોદરા ખાતે એક–એક એમ કુલ–૦૪ હેડ કલાર્ક (વર્ગ–૩)ની જગ્યાઓને વહીવટી મંજૂરી આપવા બાબતે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનગસ/૧૦૨૦૧૪/૧૭૭૩/ફ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ–૪/૪/૨૦૧૫

વંચાણે લીધા :–

(૧) સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદનો પત્ર ક્રમાંકઃ સીડીઓ / મહેકમ / ૧૩૫૧/ ૨૦૧૪ તા.૨૪/૧૧/૨૦૧૪

ઠરાવ :–

સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળની નાગરિક સંરક્ષણ કચેરી ભૂજ, જામનગર, સુરત, અને વડોદરા એમ– ૦૪ કચેરી માટે એક–એક એમ કુલ–૦૪ હેડ કલાર્ક (વર્ગ–૩) ની જગ્યા પગાર ધોરણ રૂા. ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે–૪૨૦૦ માં ઉભી કરવા અંગે વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂા. ૧૪,૨૬,૦૦૦/– ના ખર્ચની બાબતને મંજૂરી મળેલ છે. નવી સેવા વર્ષ ૨૦૧૫–૧૬ માં નાગરિક સંરક્ષણ કચેરી, ભૂજ, જામગનર, સુરત, અને વડોદરા કચેરીઓમાં એક–એક એમ કુલ –૦૪– હેડ કલાર્ક (વર્ગ–૩) ની નવી જગ્યા મંજૂર થયેલ, જેને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ–

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો /

પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેના થનાર ખર્ચ પેટે ૨૫ ટકા લેખે કેન્દ્ર સરકારનો હિસ્સો કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૮) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર– ધોરણો આર.ઓ.પી.–૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તેની ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૪) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના અંત સુધી ચાલુ રાખવાની

મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) પ્રસ્તુત જગ્યાઓ સીધી ભરતી/ બઢતીથી ભરવા પૂર્વે સરકારની મંજૂરી મેળવવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક: | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૧૦૬– નાગરિક સંરક્ષણ |
| (૫) પેટા સદર | ૦૧–એમઈપી–૨૦ નાગરિક સંરક્ષણ |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/ મતપાત્ર |

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સચિવશ્રી (નાણા) નાણા વિભાગની તા.૩૦/૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,
(૧) સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ,ગુજરાત રાજય,અમદાવાદ.
(૨) નિયંત્રક, નાગરિક સંરક્ષણ, ભૂજ,જામનગર, સુરત અને વડોદરા
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૪) જિલ્લા તિજોરી અધિકારી, ભૂજ, જામનગર, સુરત અને વડોદરા
(૫) સચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૭) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૮) શાખા સિલેકટ ફાઈલ.